સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

અપાતાં નથી હૈયાં, સોગાદે રિઝવવાં પડે છે,
- ને હોય છે બોદા, પ્રેમ-ગીત ગજવવાં પડે છે,
ભજવવાં પડે છે નાટક, ખોટી અભિવ્યક્તિનાં -
તેથી જ સ્તો! 'વેલેન્ટાઇન ડે' ઉજવવા પડે છે!
(આજે ગુલાબનો ખો!)

ખાય છે માર,
નિર્દોષ અભિવ્યક્તિ -
સ્વાર્થ સંબંધે..

લોભી લાલચે,
અપેક્ષાઓ ઓઢીને -
છૂપાય પ્રેમ!

ચિંતન

નવે વયસિ યઃ શાન્તઃ સ શાંત ઇતિ મે મતિઃ ।
ધાતુષુ ક્ષીણમાયુણેષુ શાંતિઃ કસ્ય ન જાયતે ॥

'જે યુવાનીના તવરવાટના સમયમાં પણ ધીરજ-શાંતિ-ગંભીરતા દર્શાવે છે એને જ 'શાંત' પ્રકૃતિવાળો યુવાન છે એમ કહી શકાય, બાકી તો વૃદ્ધાવસ્થામાં બધી જ શારીરિક શક્તિઓ ક્ષીણ થઇ જાય પછી કોનામાં 'શાંતિ' નથી આવતી?!'

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય - સામાન્ય નીતિ - ના શ્લોક સચોટ માર્ગદર્શન સાથે 'શાંત-ધૈર્યવાન'નો પરિચય-ઓળખ આપવામાં આવી છે.

આજનો યુવાન-કાને મ્યુઝિક સિસ્ટમ ચઢાવી હોય, મોબાઇલમાં મેસેજ-કે-રમતમાં મસ્ત હોય, ટીવીનાં 'ભાવનાઓનાં ભેલાણ'ના દૃશ્યો જોવામાં વ્યસ્ત હોય તેવા સમયે વાલીઓ આવી એને 'જગાડે' કંઇ પૂછે ત્યારે ક્રોધ કરતાં પણ વિશેષ ફેણ ફૂલાવી ઝેર ઓકતી જીભ કાઢે છે. પોતાને 'મેકઅપ' કરવામાં મોડું થયું હોય છતાં ગુસ્સો તો મા-બાપ કે નાસ્તા પર કાઢે છે. કોઇ દુરાગ્રહ-ખરીદી-માગણીમાં વાંધો પડે ત્યારે મર્યાદાની માઝા મૂકી મા-બાપનું અપમાન પણ કરી નાખે છે!!

વૃદ્ધાવસ્થામાં તો ધૈર્ય-નવરાશ-શાંતિ આપોઆપ આવે પણ 'યૌવન'માં વિવેક-નમ્રતા-ધૈર્ય હોય એ જ યુવાન 'ગુણવાન' કહી શકાય.

સુવિચાર

- જયારે આંસુઓ આંખમાંથી નીતરી રહે છે પછી આંખો વડે તમને દરેક વસ્તુ સંજોગો વિગેરે વધારે સ્પષ્ટ દેખાશે - *ચિત્રલેખા*
- અહિંસક માણસમાં વર્તન, શક્તિ, સામર્થ્ય અને સાહજ જેવા લક્ષણો હોવા જોઇએ કે જે હિંસાની આગને ઠારી મૈત્રી અને પ્રેમમાં પલટી નાંખે આવો અહિંસક ઇશ્વરના વિશેષ આશીર્વાદનો અધિકારી છે - *એસ. ભટ્ટાચાર્ય*
- આટલુંક અમથું જીવન છે અને વિશ્વ પણ કયાં છે એવું વિશાળ કે મોટું કે બનાવીએ એને કાયમનું કુરૂક્ષેત્ર - *રમેશ પુરોહિત*
- તમારા ભાગની રોટી વહેંચીને જમો તો રોટીનો સ્વાદ બેવડાઇ જશે. તમારા સુખમાં કોઇનો ભાગ રાખો તો સુખનો આનંદ ત્રેવડાઇ જશે - *જ્ઞાનસૂત્ર*
- જગતનાં તમામ શસ્ત્રો અને દારૂગોળો કોઇ સાચા સંતને સોંપી દો અને શાંતિથી પોઢી જાવ - *ઓશો*
- માણસના હૈયામાં હેત હિલોળા લેતું હોય એવા માનવીઓ જે કંઇ બોલે તે ઇશ્વરની વાણી થઇ જતી હોય છે - *રાજચંદ્ર*
- વૃક્ષો સાથે જે વાતચીત કરી શકે છે એને કોઇ મનોચિકિત્સકની જરૂર પડતી નથી - *સ્પેનિશ કહેવત*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

ઘણીવાર સંસારપથનો રસ્તો સરળ અને સ્મૂધ નથી હોતો પારિવારીક ખાડા-ખૈયા અને પરિસ્થિતિની ખાઇઓ લગ્નજીવનમાં ધ્રુજારી પેદા કરે છે. રસ્તો સારો હોય તો રથનાં પૈડાં સરખાં નથી હોતાં. નાનાં-મોટાં હોય છે તેથી પણ 'સફર' મુશ્કેલ બને છે..

મહારાષ્ટ્રના મહાત્મા જયોતિરાવ ફૂલે પરમાર્થી-સેવાભાવી હતા અને એને કારણે જ લોકો લાડમાં એમને 'મહાત્મા જયોતિબા' તરીકે ઓળખતાં.

એકવાર સવારે ફરીને આવતા હતા. ત્યાં એમની શેરીને નાકે ગરીબ વૃદ્ધ રસ્તા વચ્ચે બેસી ભિક્ષામાં મળેલું અનાજ સરખી પોટલી બાંધવા મથતો હતો. પછેડી જીર્ણ હતી તેથી ગાંઠ બાંધે ત્યાંથી જ ફાટી જતી હતી. જયોતિબા એ આ જોયું ને સમજી ગયા વૃદ્ધની આ પછેડીમાં પોટલી બંધાવાની જ નથી એમણે પોતાની પછેડી આપતાં કહ્યું, 'ભાઇ! આ પછેડીમાં જ બાંધ' વૃદ્ધે પછેડી લીધી. પોટલી બાંધી - આભારવશ નેત્રે જોયું. ભારતેન્દુએ પુછ્યું આ અનાજ કયાંથી લીધું?

વૃદ્ધ ભિક્ષુકે ભારતેન્દુ ઘર તરફ જ આંગળી ચીંધી કહ્યું ત્યાંથી એક ભલી બાઇએ જ આખો ડબ્બો ઠલવી દીધો..

શ્રી ભારતેન્દુએ પત્નીનો પ્રેમાળ-લાગણીશીલ-દયાળું સ્વભાવનો પરિચય હતો. પરમ સંતોષનો ઊંડો શ્વાસ લીધો.

Email - sureshchandrabhatt18@gmail.com

૨૦૧૩ : ધ યર ઓફ જ્યુડીશિયલ એક્ટિવિઝમ

૨૦૧૩નું વરસ જો રાજકીય દ્રષ્ટિ એ પરિવર્તનમૂલક રહ્યું હોય તો ન્યાયક્ષેત્રે પણ મહત્વપૂર્ણ બની રહ્યું. જયુડીશીયલ એક્ટીવિઝમ અથવા ન્યાયિક સક્રીયતા એ ન્યાયતંત્ર તથા લોકતંત્ર માં લોકો નો વિશ્વાસ વધુ મજબૂત કર્યો. ભારતીય બંધારણ નું અંતિમ અર્થઘટન કરવાની સત્તા ધરાવતી સુપ્રીમ કોર્ટ આઝાદી પછીના ભારતીય લોકતંત્રની નીવ સિંચવાનું, તેને વધુ મજબૂત બનવાનું કામ કર્યું છે. પછી તે દોરાઈજન કેસ હોય, કેશવાનંદ ભારતી કેસ હોય, મિનરવા મિલ્સ નો મામલો હોય કે પછી બોમ્મઈ કેસ! વિવિધતા અને વિરોધાભાસો થી ભરેલા એક દેશની ન્યાયપ્રણાલી માટે બહુજન હિતાય અને બહુજન સુખાય ના માપદંડો જાળવવા એક ચુનોતી છે અને તેમ છતાં ભારતીય ન્યાયપ્રણાલિકા પોતાની સમસ્ત શક્તિઓ વડે એ ચુનોતીઓ સામે પોતાની ક્ષમતા પુરવાર કરી રહી છે. જો કે નીચેથી ઉપર સુધીના તમામ ન્યાયિક સ્તરો તદન ખામી-મુક્ત છે તેમ કહી ના શકાય પરંતુ એક આમ આદમી કોર્ટ પાસે ન્યાય ની અપેક્ષા તો રાખી જ શકે ....

૨૦૧૩ ના કેટલાક મહત્વપૂર્ણ ચુકાદા ..

૧લી એપ્રિલ ૨૦૧૩ના દિવસે નવા ઈન્વેન્શનના નામે દેશના ૨૮ લાખ કરતા પણ વધુ કેન્સર પેશન્ટ્સ ને એપ્રિલ ફૂલ બનાવવા જઈ રહેલી સ્વિસ ફાર્મા જાયન્ટ નોવાર્ટીસનો ફુગ્ગો ફોડી નાખ્યો. મૂળ દવા ના બંધારણમાં તદન મામુલી ફેરફાર કરી તેને નવી શોધ બતાવી તમામ પેટેન્ટ અધિકારોની રુએ ભારતના મલાઈદાર બજારમાં કેન્સર ના પેશન્ટ્સ ને -ગ્લિવેક- ગળાવી લૂંટવાનું સપનું રોળાઈ ગયું. આ કેન્સરની એ દવા છે જેનો મહિનાનો ખર્ચ ૮૦૦૦ રૂપિયા જેટલો છે પણ જો નોવાર્ટીસને તેના પેટેન્ટ અધિકારો મળી ગયા હોત તો આ દવાનો એક મહિનો ૧ લાખથી ઉપર થાત.

કોફી હાઉસ
- ઉત્સવ પરમાર

એક જનહિત યાચિકા સાંભળતા બીજા એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે તમામ સરકારી અધિકારીઓને રાજકીય નેતાઓ ના મૌખિક આદેશો પર કામ ન કરવા જણાવ્યું છે. કોર્ટ નો મત છે કે તમામ આદેશ લિખિત જ હોવા જોઈએ. ઉપરાંત કોર્ટે સરકારોને સનદી સેવાના અધિકારીઓ ની ચોક્કસ મુદતની પોસ્ટીંગ માટે પણ નિર્દેશ આપ્યા. દુર્ગાશક્તિ નાગપાલ અને અશોક ખેમકા જેવા ઈમાનદાર અફસરો પર તેમના પોલીટીકલ બોસીસનો આતંક આખા દેશે શર્મસાર થઈ ને જોયો ત્યારે આ ચુકાદો આવકારવા જેવો ખરો!

વધુ એક ક્રાંતિકારી નિર્ણય જે સુપ્રીમ કોર્ટે આપ્યો એનો સૌથી વધુ આંચકો લાલુ પ્રસાદ યાદવને લાગ્યો.જનપ્રતિનીધીત્વ અધિનિયમ ની કલમ ૮ (૪) ને ગેર-બંધારણીય જાહેર કરી ગુનો સાબિત થયા પછી પણ સંસદ કે વિધાનસભાઓમાં આરામથી ટહેલતા નેતાઓ ને 'જેલ કી સલાખો કે પીછે' જેલ કી ચક્કી પીસવા મોકલી દીધા. હવે કોર્ટમાં ગુનેગાર સાબિત થયેલો કોઈ પણ માણસ પ્રતિનિધિ તરીકે સંસદ કે વિધાન સભામાં બેસી શકશે નહિ ...

આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે જાણે સ્કુલ ના ટીચર ની જેમ દંડો જ હાથ માં લીધો હોય એમ સરકારી અધિકારીઓ અને નેતા ઓ ની લાલ બત્તીઓ સામે લાલ આંખ કરી જ નાખી! લાલ બત્તી સંસ્કૃતિ એ 'હમ સબ એક હે'ની ભારતીય ભાવનાનું ઉલ્લંઘન કર્યું છે. જયાં બધા જ નાગરિક સમાન હોય એવા દેશ માં આ લાલ બત્તી એ આમ અને ખાસ આદમીનો મોટો તફાવત ઉભો કરી નાખ્યો છે એવું કહેતા કોર્ટે લાલ લાઈટ અંગેના ચોક્કસ અને જરૂર પૂરતા નિયમો બનાવવા સંસદને અપીલ કરી છે.

રાજકીય પ્રણાલિકા ઉપર હજુ એક કોરડો ઝીકતા અને લોકોના હાથ માં વધુ એક સત્તા આપતા સુપ્રીમ કોર્ટે ઈલેકશન કમીશન ઓફ ઇન્ડિયા ને આદેશ આપતા આગામી તમામ ચુંટણીઓ માં ઈ.વી.એમ. મશીનો પર 'નન ઓફ ધ અબવ' ઉર્ફે નોટા બટન આપીને સારા ઉમેદવારો ઉભા કરવા માટે રાજકીય પક્ષો પર એક દબાણ ઉભું કર્યું. રાઈટ તો રીજેક્ટ તરફ આ એક સકારાત્મક પગલું છે.

અન્ય એક ચુકાદા માં સુપ્રીમ કોર્ટે મુંબઈના ડાંસ બાર પર મહારાષ્ટ્ર સરકારનો ભેદભાવપૂર્ણ પ્રતિબંધ હટાવી દીધો હતો . આર્ટીકલ ૧૪ નીચે તમામ નાગરીકો સમાન છે તેમજ આર્ટીકલ ૧૯ નીચે કોઈ પણ વ્યવસાય કરવાનો મૂળભૂત અધિકાર ભારતીય નાગરિક પાસે છે. આઠ વરસ જુના સરકારી આદેશ મુજબ ડાંસ-બાર ફક્ત થ્રી સ્ટાર કે તેથી ઉપરની હોટેલ્સ કે એસ્ટાબ્લીશમેન્ટમાં જ ચાલી શકતા. આ નિર્ણય થી ડાંસ કરી ગુજરાન ચલાવતી અનેક છોકરીઓ બેરોજગાર થઈ ગઈ હતી અને જેમની પાસે વેશ્યા-વૃતિ સિવાય કોઈ અન્ય મજબુત વિકલ્પ મોટે ભાગે ગેરહાજર હતો. આ ચુકાદો ભારતીય સામાજિક અને આર્થિક મજબુરીઓ સાથે રહીને લેવા પડતા નિર્ણયનો દાખલો હતો.

આ ઉપરાંત સીબીઆઈ ને વધુ સ્વાયત્તતા આપવા માટે કેન્દ્ર સરકાર ને ટહેલ નાખી. 'પાંજરા ના પોપટ' ની બેંચની ટીપ્પણી સમગ્ર વરસ મીડિયામાં છવાયેલી રહી. સુપ્રીમ કોર્ટે કુડ્નાકુલમ એટોમિક પાવર પ્લાન્ટ ને પણ મંજુરી આપી દીધી હતી... અણુ શક્તિ આધારિત વીજળીની દિશામાં ભારતનું એક મહત્વપૂર્ણ કદમ.

સુપ્રીમ કોર્ટ ના તમામ ચુકાદાઓને જનતા નો આવકાર મળ્યો પરંતુ માત્ર એક જ ચુકાદો વિવાદો થી ઘેરાયેલો રહ્યો તે આઈ.પી.સી ની ધારા ૩૭૭ અંગેનો ચુકાદો જેમાં સજાતીય સંબંધોને અપરાધ જાહેર કરવામાં આવ્યા. સમગ્ર દેશમાંથી મિશ્ર પ્રતિક્રિયા મળી અને તેના પર ટીપ્પણી કરતો એક વિચાર આ જ કોલમ માં છપાઈ ચુક્યો છે (જુઓ ધ કોફી હાઉસ, ૨૦ ડિસેમ્બર ૨૦૧૩) પરંતુ આ અંગે સંસદ ઈચ્છે તો કાયદામાં સુધાર લાવી શકાય છે, એવું કોર્ટે કહ્યું હતું.

તો... સમગ્ર વરસ એક પ્રકારના જયુડીશ્યલ એક્ટીવિઝમથી છવાયેલું રહ્યું! લોક ભાવના અને લોકતંત્ર મજબૂત થતા ગયા. ઉપલી અદાલત છેક નીચેના માણસ સુધી ન્યાયતંત્ર માં વિશ્વાસ જગાવવા તથા તેને વધુ દ્રઢ કરવામાં કામયાબ રહ્યું છે, તે તેની સફળતા! તો બોલો...

સત્યમેવ જયતે!

- ch9723367947@yahoo.com

સંત શિરોમણી ગુરૂ રવિદાસ : ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૪ મહાસુદ પૂનમ ૬૩૮મી જન્મજયંતિ

આશરે ૬૦૦ વર્ષ પુર્વે થઇ ગયેલ સંત રોહિદાસનો જન્મ સંવંત ૧૪૩૩ ને મહાસુદ પૂર્ણિમાને દિવસે થયો હતો. રોહિદાસ નાનપણથી જ પ્રભુમય જીવન તરફ વળેલા હતા. તેઓને સ્વામિ રામાનંદનો ભેટો થતાં તેમનું આખું જીવન પ્રભુમય બની ગયું હતું. તેમનો જન્મ બનારસની પાસે આવેલ સામાન્ય ગામ ગોવર્ધનપુરામાં થયો હતો. માતાનું નામ કરમાદેવી, પિતાનું નામ માનદાસ હતું.

તેમનાં હૈયે કોઠાસુઝ એવી હતી કે આધ્યાત્મિક આત્મજ્ઞાનની ભલભલા પંડિતોને પણ આશ્ચર્યમાં મુકી દેતાં, તેઓનાં જીવનમાં પ્રેમ ભક્તિ એવી જીવનમાં વણાઇ ગઇ હતી કે ના છુટકે તેમનાં પિતાને તેમનું મન સંસારમાં વાળવા માટે નાની ઉંમરે લો-ના નામની કન્યા સાથે લગ્ન કરી લીધા. આમ પેટિયું રળવા સાધુ સંતોનાં સમાગમમાં રહેતા અને શાંતિથી મોટા ભાગનો સમય પરમાત્માની ભક્તિ સાધનામાં વિતાવતા. અનેક મુશ્કેલીઓ હોવાં છતાંય ભગવદ્ ભક્તિમાં માર્ગમાંથી જરાય ચલિત થયા ન હતા.

રોહિદાસ ભગવાને પોતાની વાણીમાં ગુરૂનો મહિમા પ્રેમ પૂર્વક વર્ણવેલ છે. ગુરૂને પરમાત્માનું સાચું રૂપ ગણ્યું છે, પોતાના સમકાલિન ગુરૂભાઇ કબીર સાહેબ વણકર હતા. આધ્યાત્મિક ભાવનાઓ અને માનવનાં સાચા ધર્મ તરફ લોકોને જાગૃત કરવા ધર્માંધ ગુરૂઓ અને પાખંડી પંડિતોને ખુલ્લા પાડવા નિરાભિમાનીથી આગળ આવ્યા હતા. આજે પણ આ સંતની વાણી એટલી બધી ઉપદેશ અને ભક્તિ જ્ઞાનથી સભર હોઇ ભટકતાં માનવ દેહનાં આત્માને અંધકારમાંથી અજવાળા તરફ દોરે છે. તેઓએ પદ દલિતોને જ નહીં પણ અન્ય સમાજનાં લોકોને સાચો રાહ ચિંધ્યો છે. તેમનાં જમાનામાં સમગ્ર સંતો મહંતોમાં એક સંત તરીકે સમગ્ર ઉત્તર ભારતનમાં નામનાં કેળવી ચૂક્યાં હતા. તેઓ સમર્થ સંત તરીકે ખ્યાતિ પામેલ હોવાથી મેવાડની મહારાણી મીરાંબાઇ પણ તેમનાં પટ્ટશિષ્યા બની ગયાં હતા.

જેની ચરણરજથી મીરાંબાઇએ કૃષ્ણ ભક્તિથી પોતાની જીવનનો ઉદ્ધાર કર્યો અને ગુરૂ નામનો મહિમા સાર્થક બનાવ્યો. સંત રોહિદાસનાં જીવનની આજુબાજુ કેટલાક સાત્રાત ચમત્કાર વણાયેલાં છે. પુનિત સંતની સુપ્રસિદ્ધ લોકપ્રિય ભજન રચના 'પ્રભુજી તુમ ચંદન હમ પાની' સાંભળીને મન હળવું ફુલ પાવન બને છે. સારાએ ભારત વર્ષમાં સંતો - મહંતોમાં સંત શિરોમણીનું સ્થાન ઉચ્ચ સ્થાને બિરાજમાન છે. તેમાંય ઉત્તરપ્રદેશ, પંજાબ વગેરેમાં રોહિદાસનો મહિમા ખૂબ જ લોકપ્રિય છે. બાબુ જગજીવનરામે બનારસમાં સંત રોહિદાસનું સ્મૃતિ મંદિર કરોડો રૂપિયાનાં ખર્ચે બનાવેલ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

નીચેનામાંથી કયા કિરણોના પ્રભાવથી આપણી ચામડી કાળી પડે છે?

વિજ્ઞાન જગત

(૧) કલોરો માયસેટીન કયા રોગ સામે રક્ષણ આપે છે?
(અ) મેલેરિયા (બ) કોલેરા (ક) ડીપ્થેરિયા (ડ) ટાઇફોઇડ
(૨) તુલસીમાં કયો એસિડ હોય છે?
(અ) ઓરસેલિક (બ) ફોર્મિક (ક) ટાર્ટરિક (ડ) સાઇટ્રીક
(૩) નીચેનામાંથી કયા કિરણોના પ્રભાવથી આપણી ચામડી કાળી પડે છે?
(અ) બીટો-કિરણો (બ) ડી-કિરણો
(ક) અલ્ટ્રાવાયોલેટ કિરણો (ડ) ઇન્ફ્રારેડ કિરણો
(૪) નીચેનામાંથી કઇ ધાતુ સૌથી કઠણ હોય છે?
(અ) સોનું (બ) લોખંડ (ક) ટંગસ્ટન (ડ) પ્લુટોનિયમ
(૫) કયું સસ્તન પ્રાણી ઊડી શકે છે?
(અ) મરઘી (બ) કાંગારૂ (ક) ચામાચીડિયું (ડ) ઉડતા સાપ
(૬) નીચેનામાંથી કયું સાધન ધ્વનિ ઉર્જાનું વિદ્યુત ઉર્જામાં રૂપાંતરણ કરે છે?
(અ) માઇક્રોફોન (બ) ડાયનેમો (ક) વિદ્યુત મોટર (ડ) લાઉટ સ્પીકર
(૭) નીચેનામાંથી કયો વાયુ દહનશીલ છે?
(અ) કાર્બન મોનોકસાઇડ (બ) સલ્ફર ડાયોકસાઇડ
(ક) નાઇટ્રોજન (ડ) મિથેન
(૮) દૂધમાંથી કહીં બને ત્યારે દૂધનું શામાં રૂપાંતરણ થાય છે?
(અ) નાઇટ્રેટ એસિડમાં (બ) સાઇટ્રીક એસિડમાં
(ક) લેક્ટિક એસિડમાં (ડ) ફોર્મિક એસિડમાં
(૯) શરીરના અંગોને પ્રાણવાયુ પુરો પાડવાનું કામ નીચેનામાંથી કોણ કરે છે?
(અ) હૃદય (બ) નાક (ક) લાલકણો (ડ) શ્વેતકણો
(૧૦) નીચેનામાંથી કયું સ્ત્રીલિંગ હાર્મોન છે?
(અ) એસ્ટ્રોજન (બ) એન્ડ્રોજન (ક) ઓકસીસીટીન (ડ) ઇન્સ્યુલીન
(૧૧) વાયરસ નામ કયાં વૈજ્ઞાનિકે આપ્યું હતું?
(અ) રોબર્ટ કોચ (બ) બેન્જેરીક (ક) ઇવાનોવોસ્કી (ડ) લૂઇ પાશ્ચર
(૧૨) કયા હાર્મોનની ખામીને કારણે સ્ત્રીઓને દાઢી-મૂછ ઊગતા નથી?
(અ) ટેસ્ટેસ્ટેરોન (બ) ઇસ્ટ્રાડાયોલ (ક) એડ્રિનલ (ડ) થાયરોકસીન
(૧૩) નેત્રદાન કરનારની આંખનો કયો ભાગ ઉપયોગમાં લેવાય છે?
(અ) આઇરીસ (બ) લેન્સ (ક) કોર્નિયા (ડ) રેટીના
(૧૪) માણસના મગજનો સૌથી મોટો ભાગ કયો છે?
(અ) સીરેબ્રમ (બ) સીરેબેલમ (ક) મીડ બ્રેઇન (ડ) મેડયુલા
(૧૫) 'નેફોલોજી' એ શેનો અભ્યાસ છે?
(અ) કિડની (બ) હૃદય (ક) ફેફસાં (ડ) મેડ્યુલા

વિજ્ઞાન વિવિધા

(આ સપ્તાહમાં આવતાં વિશ્વના મહાન વૈજ્ઞાનિકોના જન્મદિવસ)

- ૧૪-૨-૧૯૯૧ વિલીયમ જે. કોફ (ડચ-અમેરિકન ફિઝીશીયન તથા બાયોમેડિકલ સાયન્ટીસ્ટ)
- ૧૪-૨-૧૮૯૮ ફિત્ઝ ઝવીકી (અમેરિકન અવકાશ વૈજ્ઞાનિક)
- ૧૪-૨-૧૮૯૬ ઓર્થર મિલ્ને (અમેરીકન કોસ્મોલોજીસ્ટ)
- ૧૪-૨-૧૮૭૬ લીવ સિમોનોવીચ બર્ગ (રશિયન જૈવ વૈજ્ઞાનિક)
- ૧૪-૨-૧૮૬૯ સી.ટી.આર. વિલ્સન (સ્કોટીશ ભૌતિકશાસ્ત્રી)
- ૧૫-૨-૧૯૨૨ હેરમેન કહાન્હ (અમેરિકન અણુવૈજ્ઞાનિક)
- ૧૫-૨-૧૮૮૪ આલ્બર્ટ.સી.ગીલ્બર્ટ (અમેરિકન ભૌતિકશાસ્ત્રી)
- ૧૫-૨-૧૮૬૧ ચાર્લેડ ઇડોયુર્ડ ગૌલય (ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી)
- ૧૫-૨-૧૮૫૮ વિલિયમ હેનરી પિકેરીંગ (અમેરિકન અવકાશ વૈજ્ઞાનિક)
- ૧૫-૨-૧૮૫૬ એમીલ ક્રેપેલીન (જર્મન ભૌતિકશાસ્ત્રી) અમેરિકન માઇક્રોબાયોલોજીસ્ટ વૈજ્ઞાનિક
- ૧૫-૨-૧૫૬૪ ગેલેલીયો ગેલેબી - (ઇટાલીયન નેચર ફિલોસોફર અને ખગોળશાસ્ત્રી)
- ૧૬-૨-૧૮૬૮ વિલીયમ કસ્મીથ (જર્મન અન્થ્રોલોજીસ્ટ)
- ૧૬-૨-૧૮૩૪ અર્નેસ્ટ હેકલ (જર્મન અન્થ્રોલોજીસ્ટ)
- ૧૬-૨-૧૬૯૮ પિયર બર્ગર (ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી
- ૧૭-૨-૧૮૯૦ સર રોનાલ્ડ ફિશર (બ્રિટીશ જનીન વૈજ્ઞાનિક)
- ૧૭-૨-૧૮૮૮ ઓટો સ્ટર્ન (જર્મન-અમેરીકન ભૌતિકશાસ્ત્રી નોબલ પારિતોષિક વિજેતા વૈજ્ઞાનિક)
- ૧૭-૨-૧૮૫૬ ફેડ્રિક યુજેને આઇવસ (અમેરિકન ફોટોગ્રાફર અને ફોટોગ્રાફી પ્રિન્ટિંગના શોધક)
- ૧૮-૨-૧૬૬૫ રૂડોલ્ફ જેકોલ કેમેરેટીયસ (જર્મન વનસ્પતિશાસ્ત્રી)
- ૧૮-૨-૧૮૮૯ સર ગીલ્બર્ટ રોબર્ટ (બ્રિટીસ સિવીલ એન્જી.)
- ૧૮-૨-૧૮૯૪ એલેસ્કેન્ડર ઓપરીન (રશિયન બાયોકેમિસ્ટ)
- ૧૮-૨-૧૭૯૦ માર્શલ હોલ (ઇન્ગીશ ભૌતિક શાસ્ત્રી)
- ૧૮-૨-૧૨૦૧ મહમદ નાસીર એદીન-અલ-તુસી (પર્શિયન ફિલોસોફર, ભૌતિકશાસ્ત્રી, ગણિતજ્ઞ)
- ૧૯-૨-૧૯૧૦ વિલિયમ ગ્રે વેલ્ટર (અમેરિકન-બ્રિટીશ ન્યુરોલોજીસ્ટ)
- ૧૯-૨-૧૮૫૯ સ્વાન્ટે અર્હેનીયસ (સ્વિડીસ ભૌતિક-રસાયણ વૈજ્ઞાનિક)
- ૧૯-૨-૧૭૯૨ જહોન લોકે (અમેરિકન જીઓલોજીસ્ટ)
- ૧૯-૨-૧૭૮૯ સર વિલિયમ ફાઇબેરય (સ્કોટીસ સિવિલ એન્જી.)
- ૧૯-૨-૧૪૭૩ નિકોલસ કોપર્નીકસ (જાણીતા ખગોળશાસ્ત્રી)
- ૨૦-૨-૧૯૩૭ રોબર્ટ હબર (જર્મન બાયોકેમીસ્ટ)
- ૨૦-૨-૧૯૦૧ રાને ડુબોલ (ફ્રેન્ચ બોર્ન અમેરિકન માઇક્રોબાયોલોજીસ્ટ)
- ૨૦-૨-૧૮૭૩ ચાર્લ્સ હબર્ડ જુડ (અમેરિકન સાયકોલોજીસ્ટ

ગયા સપ્તાહનો સવાલનો જવાબ :

તાજેતરમાં સચિન તેંડુલકરની સાથે સાથે કયા જાણીતા વૈજ્ઞાનિકને પણ ભારત રત્ન એવોર્ડ આપવામાં આવ્યો?

જવાબ : સી.એન. આર. રાવ.

આ સપ્તાહનો સવાલ ?

હાલની દિલ્હી રાજ્ય સરકારમાં શિક્ષણમંત્રી કોણ છે ?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

સાચા જવાબો

(બ)ડ (ક)બ (બ)ઘ (બ)ક (ક)૪ (૧)૫ (૮)ડ (૭)૫ (૭)૫ (૧)૮ (હ)૯ (૧)૭ (૧)૬ (૯)૯ (૧)૧ (૧)૨ (૧)૧

રોમન કેથોલિકના ધર્મ ગુરૂ સંત વેલેન્ટાઇને યુવાનોનાં પ્રેમ અને તેમનાં લગ્ન માટે પોતાના જાન આપી દીધો હતો, તેમની શહિદીના માનમાં વિશ્વભરમાં પ્રેમીઓ આ દિવસે સંત વેલેન્ટાઇનને યાદ કરે છે

૧૪મી ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વ પ્રેમના દિવસ તરીકે લોકો ઉજવે છે. આ દિવસે 'પ્રેમનો એકરાર' કે 'પ્રેમની અભિવ્યક્તિ' કરવાનો દિવસ તરીકે વિશ્વમાં યુવાનો, યુવતીઓ તથા અન્ય પ્રેમીજનો ઉજવે છે.

હકીકતમાં આ દિવસ યુવાનોનાં પ્રેમને ખાતર યુવાન પ્રેમીઓના પ્રિય અને પાવન સંત વેલેન્ટાઇનનો શહિદ દિન છે.

પ્રેમનું પ્રતિક હૃદય છે - હાર્ટ, હૃદયમાંથી જ પ્રેમ અને ધિક્કાર જન્મ લે છે. જે કોઇ પ્રેમમાં પડે છે તે આ દુનિયાને ભૂલી જાય છે, અને અદ્દભૂત સ્વપ્નસૃષ્ટિમાં સરી જાય છે, હૃદયનો આકાર લાલના એક્કા જેવો છે, તેને તીરથી વિંધિ નાખતાં હૃદયમાં ઘા વાગે છે.



કવિ કલાપીના શબ્દોમાં 'જયાં જયાં નજર મારી પડે યાદ ભરી ત્યાં આપની' અને 'સૌંદર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે' એ રીતે 'પ્રેમ પામતાં પહેલાં પ્રેમાળ બનવું પડે.' કોઇએ કોઇને પ્રેમ મેળવવો હોય તો પ્રથમ પોતાનો પ્રેમ બીજાને આપવો પડે. પ્રેમે સમાવવા વિશાળ હૃદય જોઇએ.

વેલેન્ટાઈન ડે

- શાંતિભાઈ બી. પટેલ

પ્રેમનો શુભારંભ સૌ પ્રથમ આંખથી થાય છે. પછી પ્રેમનું સ્થાન હૃદય છે. હૃદયમાંથી પ્રેમની સરવાણી વહે છે. કોઇ વ્યક્તિ પ્રત્યે સૌ પ્રથમ હૃદયમાં જ કોમળ લાગણી જન્મે છે.

ઇતિહાસમાં પ્રેમ માટે મરી ફીટનારાના જવલંત ઉદાહરણો છે. હીર-રાંઝા, લૈલા-મજનું, શેણી-વિજાનંદ, રોમિયો-જુલિએટ - આવા પ્રેમીઓ પ્રેમ માટે ઝઝૂમ્યાં હતા. છેવટે સમાજના રૂઢિચુસ્ત લોકો તેઓનાં પ્રેમને કોઇ કાળે સમજી ના શક્યાં, પરિણામે તેઓનું મિલન થઇ શક્યું નહિ. છેવટે આ પ્રેમીઓએ સાથે રહીને જીવનનો અંત આણ્યો.

આ પૃથ્વી પર જયારથી પ્રેમનું અવતરણ થયું ત્યારથી એ હંમેશા તેજસ્વી રહ્યું છે. પ્રેમ એ એક એવું ઝરણું છે. જે કદી સૂકાતું નથી પ્રેમના અનેક સ્વરૂપો છે. માતા-પિતાનો પ્રેમ, ભાઇ-બહેનનો પ્રેમ, પતિ-પત્નીનો પ્રેમ, પ્રેમી અને પ્રેયસીનો પ્રેમ. આપણામાં એક કહેવત છે - 'ભૂખ ન જુઓ ટાઢો રોટલો, ઊંઘ ન જુએ ખાટ' તેમ 'પ્રેમ ન જુએ નાત-જાત'. એટલે તો પ્રેમ એ તો જ્ઞાતિ અને સમાજથી પર છે. પ્રેમને કોઇ બંધનો નડતા નથી. તેનો કોઇ સીમાડા પણ નથી.

પ્રેમમાં ત્યાગની ભાવના હોય, પરસ્પર વફાદારી હોય અને બંને પાત્રો વિશ્વાસ ધરાવતાં હોય, પ્રેમ એ તો લાગણી છે. નવી આશા છે. પ્રેમમાં એવી તો શક્તિ છે જે શક્તિશાળી પથ્થર હૃદયનો માનવી લાગણીઓથી કઠોરમાં કઠોર માણસનું હૃદય પીંગળી જાય છે અને હૃદય પરીવર્તન થાય છે. ભૂતકાળમાં પ્રેમ ખાતર બલિદાન આપનારા આ દુનિયામાં ઘણાં પાત્રો થઇ ગયા. પ્રેમ પામવા માટે ઘણા પ્રેમીઓએ શહિદી વ્હોરી લીધી છે. અનેકોઅનેક પ્રેમીઓએ પોતાના પ્રિયતમ પાત્રને મેળવવા પ્રેમની વેદી પર કુરબાની આપી છે.

● સેંટ વેલેન્ટાઇન ડે નો ઇતિહાસ

રોમન કેથોલિકના ધર્મ ગુરૂ સંત વેલેન્ટાઇને યુવાનોનાં પ્રેમ અને તેમનાં લગ્ન માટે પોતાના જાન આપી દીધો હતો. તેમની શહિદીના માનમાં વિશ્વભરમાં પ્રેમીઓ આ દિવસે સંત વેલેન્ટાઇનને યાદ કરે છે. વિશ્વભરનાં ચર્ચમાં યુવકો અને યુવતીઓ ભેગા મળી સંતને વંદન કરી તેમનું સ્મરણ કરે છે. ઇ.સ. ૨૭૦ માં રોમમાં આવેલા તેરનીવા શહેરના ગ્લોસગોમાં એક ચર્ચમાં પ્રેમના આ પ્રિય સંતનાં અવશેષો પડી રહ્યાં હતા. ૧૨૫ વર્ષથી ફ્રાન્સિસન ફાધરો તેમનાં અસ્થિઓ સંભાળતા હતા. પરંતુ ૧૪ ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ આ સંતનાં દેહને દર્શનાર્થે મૂક્યો હતો. આ સંતને યુરોપના રાજા કલોડીયસે ૧૪મી ફેબ્રુઆરીના દિવસે મારી નાખ્યા હતા.

રોમન કેથોલિક ચર્ચના ધર્મગુરુઓ કહે છે કે સંત વેલેન્ટાઇને યુદ્ધનાં સમયમાં યુવાનો અને યુવતીઓનાં ખાનગીમાં લગ્ન વિધિ કરતા હતા, જયારે યુદ્ધ ચાલતું હતું ત્યારે યુવાનોને લગ્ન કરવાની મનાઇ હતી. આ સંતની પુણ્યતિથિએ પ્રેમનાં દિવસ તરીકે ઉજવવા વર્ષો પછી ફાધર વેલેન્ટાઇનની યાદગીરીમાં વિશ્વભરના દેશો 'વેલેન્ટાઇન ડે' તરીકે આ દિવસની ઉજવણી કરે છે.

આ દિવસે યુવાનો અને યુવતીઓ પ્રેમનો એકરાર કરે છે. પોતાના પ્રિય પાત્રને ભેટ-સોગાદો તથા સુંદર મજાના કાર્ડ લખીને મોકલે છે. 'લવ બેલ્ટ' આપે છે. પ્રેમીઓ પોતાના પ્રિયતમને ઇ-મેઇલ, ઇન્ટરનેટ, ફેસબુક જેવા ઉપકરણોથી 'બી માય વેલેન્ટાઇન' જેવો પ્રિય સંદેશો પાઠવે છે.

રોમન સંસ્કૃતિમાં આ મહાત્માની યુણ્યતિથિએ ખાસ ફિસ્ટ મનાવવામાં આવે છે. આપણા દેશમાં પણ પ્રેમીઓ પ્રેમનો એકરાર કરી એક બીજાને પ્રેમની લાગણીઓથી ભીંજવા દેવા આ પવિત્ર દિવસની ઉજવણી કરે છે.